# જ્યાં કામ ત્યાં નહીં રામ

આચમન — બિપિન પટેલ

શ્રી સર્વત્ર સર્વ પર અકારણ જ કૃપા વરસાવવાનો તો સ્વભાવ છે ભગવાન શ્રીરામનો! છતાં પણ કેટલાક અભાગિયાઓ તીવ્રતમ કામવાસના અને ઈચ્છાઓના એટલા તો ગુલામ બની ગયા હોય છે કે તેમની સમક્ષ સ્વયં સાક્ષાત નિષ્કામ ભગવાન શ્રીરામ આવીને ઊભા રહે તો પણ બિચારા તેઓ તેમને ઓળખી શકતા નથી અને તેમને સાધારણ મનુષ્ય સમજીને તે જ પ્રમાણેનો વ્યવહાર પણ કરી બેસે છે! અરે! અનુચિત માગણી કરતાં પણ તેમને લજ્જા નથી આવતી... ને.. ભગવાનની કૃપાવર્ષામાં ભીંજાવાનો મળેલો સ્વર્ણિમ અવસર ગુમાવી દે છે. બસ! એવું જ બન્યું રાવણની બહેન શૂર્પણખા સાથે. શ્રીરામ ચરિત્રમાનસ-(તુલસી રામાયણ)ના અરણ્યકાંડનો એ પ્રેરક પ્રસંગ જીવને શીખવે છે કે જ્યાં હશે કામ, ત્યાં નહીં હોય રામ!



વનવાસ દરમિયાન શ્રી સીતારામજી જ્યારે દંડકારણ્યમાં પંચવટીમાં નિવાસ કરતાં હતાં ત્યારની એ ઘટના છે. એક વાર શૂર્પણખા આકાશમાર્ગે ત્યાંથી પસાર થતી હતી. દૂરથી તેણે શ્રીરામને જોયા. શ્રીરામનું સુંદર રૂપ જોઈને તે મોહિત થઈ ગઈ! કામવાસનાએ તેને ચંચળ બનાવી દીધી. તે ભાન ભૂલી ગઈ! પોતાના રાક્ષસી અને જોવા પણ ન ગમે તેવા શરીરમાંથી તે રૂપસુંદરી યૌવના બની ગઈ- માયાવી હતી ને! પોતાની કુરૂપતા પર સૌંદર્યનું પડ ચઢાવીને તે શ્રીરામ તરફ જવા લાગી. તેના મનમાં એક પીડા ઊપડી હતી પેલા શ્યામ કામણગારા શ્રીરામને પામવાની!

શૂર્પણખા પળે પળે વધુ ને વધુ કામાંધ બનવા લાગી! તે પોતાની જાતને રોકી ન શકી. ધસી ગઈ ત્યાં કે જ્યાં સીતારામજી બેઠાં હતાં. શ્રીરામની નજીક જઈને તેણે તો સીધી જ માગણી કરી દીધી,‘‘તુમ્હ સમ પુરુષ ન મોસમ નારી! યહ સંજોગ બિધિ રચા બિચારી- રે સુંદર યુવાન! સાંભળ! હું આજ સુધી કુંવારી જ છું કારણકે મને મારે યોગ્ય કોઈ પુરુષ મળ્યો નથી. તમારા સમાન કોઈ પુરુષ નથી ને મારા સમાન કોઈ સ્ત્રી નથી. તમને જોયા.. ને.... મારા પ્રણયનો સ્વીકાર કરો! વિધાતા પણ તેમ જ ઈચ્છે છે!’’

કામાંધ વ્યક્તિ બેશરમ બની જાય છે એટલે જ તો લજ્જાહીન બનીને શૂર્પણખાએ સીધો જ ધડાકો કર્યો. કામના વાસના-આસક્તિ તો માનવીના શત્રુ છે. શૂર્પણખા એ ત્રણેથી ઘેરાયેલી હતી. ભગવાન શ્રીરામ તો ઈચ્છતા હતા કે તેના પર કૃપા કરું! પરંતુ તે કામરોગથી એટલી તો પીડાતી હતી કે તે સ્વયં ભગવાનને ઓળખી ન શકી અને તેમની કૃપા પામી ન શકી.

શૂર્પણખાના ચિત્ત પર કામ તીવ્રતાપૂર્વક સવાર થઈ ચૂક્યો હતો. કામના એ ભૂતને દૂર કરવો કઠીન હતો. શ્રીરામે સ્પષ્ટતા કરી કે હું તો એક પત્ની વ્રતધારી છું. આ સીતા મારી પત્ની છે. પેલો મારો ભાઈ સુંદર પણ છે અને યુવાન પણ છે. શૂર્પણખા તરત જ લક્ષ્મણજી તરફ દોડી ગઈ!

> શ્રીરામે સ્પષ્ટતા કરી કે હું તો એક પત્ની વ્રતધારી છું. આ સીતા મારી પત્ની છે. પેલો મારો ભાઈ સુંદર પણ છે અને યુવાન પણ છે. શૂર્પણખા તરત જ લક્ષ્મણજી તરફ દોડી ગઈ!

કેવી સ્થિતિ છે કામાંધ શૂર્પણખાની -રામ નહીં, તો રામનો ભાઈ લક્ષ્મણ! થોડી ક્ષણ પહેલાં તે શું કહેતી હતી અને હવે શું કરી રહી છે. લક્ષ્મણજીએ સ્પષ્ટ કહ્યું- હું તો રામનો દાસ છું! તારા જેવી સુંદરીને કોઈની પરાધીનતા ક્યાંથી અનુકૂળ આવે? તે સાંભળીને શૂર્પણખા વળી પાછી શ્રીરામ પાસે આવી! રામે જોયું કે આ તો વધુ ને વધુ કામાંધ બનતી જાય છે. રામે તેને ફરી લક્ષ્મણજી પાસે મોકલી. તેની કામપીડા તીવ્રતમ બની. લક્ષ્મણજીનો પુનઃ નકારાત્મક જવાબ સાંભળીને તે છંછેડાઈ ગઈ. આખરે તે પોતાના અસલ રૂપમાં આવી ગઈ!

રામે લક્ષ્મણને એક જ ઈશારો કર્યો. લક્ષ્મણજીએ સાવધાનીપૂર્વક ખૂબ જ સ્ફૂર્તિથી તેને નાક-કાન વિનાની કરી. કામનો નશો તેનો પળવારમાં ઊતરી ગયો. પડવું તો તેણે જોઈતું હતું શ્રીરામના ચરણોમાં! શ્રીરામ તો તેના પર કૃપા કરવા ઈચ્છતા હતા, કિંતુ કામની સાથે સાથે પ્રતિશોધની ભાવના પણ તેની પ્રબળ બની. દોડી ગઈ તે ખર-દૂષણ તરફ! તેની દોડ જ વિપરીત હતી જે સ્પષ્ટતા કરતી હતી કે જ્યાં કામ ત્યાં નહીં રામ! જીવ જ્યારે કામ અને કામનાનો ત્યાગ કરીને શ્રીરામના ચરણો પકડે છે, ત્યારે શ્રીરામ તેને અવશ્ય મળે છે.

# વીજળીની કિંમત અંધકાર થકી છે

અજવાળાં — દુર્ગેશ ઉપાધ્યાય

ચોમાસાની ઋતુમાં ઘનઘોર વાદળો ઘેરાયાં છે. ભરબપોરે અંધકાર છવાઈ જાય છે. એવો અંધકાર કે સૂરજનું એક કિરણ પણ દેખાય નહીં, એવા અંધકારમાં વાદળો કડાકા ભડાકા સાથે ગરજે છે અને વીજળીના ચમકારા થાય છે, ત્યારે એ વીજળી ત્રાટકતાં એક ક્ષણ તેજ લીસોટાથી અજવાળું થાય છે. એ અજવાળું સુંદર હોય છે. ક્યારેક તમે પણ એની અનુભૂતિ કરી હશે. આ અજવાળું ક્ષણિક હોય છે પણ આહ્લાદક હોય છે. ઘનઘોર અંધારું ન હોય તો એ વીજળીનો ચમકારો ન જણાય. અંધકાર થકી જ એ વીજ ચમકારાનું મહત્ત્વ અને કિંમત જણાય છે.



એવું જ આ જીવનનું છે. સુખની કિંમત દુઃખના અંધકાર વિના ન થાય. સુખ ભલે ક્ષણિક હોય પણ એની સ્મૃતિ, એની અનુભૂતિ વીજળીના ચમકારા જેવી આહ્લાદક હોય છે. બસ એને માણી લો. સુખ-દુઃખ એક સિક્કાની બે બાજુ છે. એનું ચક્કર નિયમિત ફરતું રહે છે. એ નિયતી આધારિત છે. ક્યારે ઝબકારો જતો રહે અને ફરી અંધકાર આવી જાય! કહેવાય નહીં. પણ સુખના ઝબકારાની કિંમત દુઃખના અંધકાર થકી જ છે. કહ્યું છે કે, સુખમાં છકી ન જવું. દોમદોમ સાહ્યબી હોય ત્યારે માણસ માનવતા ભૂલી જાય અને અભિમાની થઈ જાય. તો એ સાહ્યબી-સુખ લાંબું ટકતું નથી, કારણ ગમે ત્યારે સમયનું ચક્ર ફરે છે. અને કપરો સમય આવે ત્યારે પેલી ભોગવેલી સાહ્યબીથી દુઃખ વધુ સતાવે છે. આવેલું દુઃખ વધુ કહે છે. એટલે સુખ-દુઃખમાં જે સમ રહે, અચલિત રહે તે જીવન સરળતાથી પસાર કરી શકે છે.

સમય ક્યારેય એક સરખો જતો નથી. એના

> સુખની કિંમત દુઃખના અંધકાર વિના ન થાય. સુખ ભલે ક્ષણિક હોય પણ એની સ્મૃતિ, એની અનુભૂતિ વીજળીના ચમકારા જેવી આહ્લાદક હોય છે

ઉત્તમ ઉદાહરણ રામ અને કૃષ્ણનું જીવન છે. જીવનમાં બે જ પ્રકારના નિમિત્તો મળે છે, શુભ અને અશુભ. શુભ નિમિત્તના આલંબનથી આત્માનો ઉદ્ધાર કરી શકાય. અશુભ નિમિત્તના વધુ સેવનથી પતન થાય. રાવણના પતનનો દાખલો આ અશુભ નિમિત્તનો છે. વધુ અભિમાન આવી જતાં તેણે હાથે કરીને પતન નોતાર્યું.

આતમ જાગે અને તેનું અજવાળું જાણવા મળે તો અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે. એટલે તો વીજળીના ચમકારે મોતી પરોવી લેવા જેવું શુભ ક્ષણનું મહત્ત્વ છે. પછી અચાનક અંધારાં થાય ત્યારે કશું નહીં દેખાય. અને ક્યારે અંધકાર છવાઈ જશે એ નક્કી જ નથી. જે જીવો એ સારું, સુંદર અને ધ્યેયસભર જીવો. ધ્યેયહીન, દિશાહીન જીવવાનો કોઈ અર્થ નથી. જીવનની પ્રત્યેક પળ મૂલ્યવાન છે એ વીતેલી પળ પાછી મળવાની નથી. એટલે જ વીજળીના ચમકારાને યાદ રાખવાની જરૂર છે.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૭ નવેમ્બરથી તા. ૨૩ નવેમ્બર - ૨૦૨૫

### તા. ૧૭ સોમવાર
કારતક વદ તેરસ : તેરસની વૃદ્ધિતિથિ, લાલ લજપતરાય, પુણ્યતિથિ, સોમપ્રદોષ

### તા. ૧૮ મંગળવાર
કારતક વદ તેરસ, શિવરાત્રી, સંત જ્ઞાનેશ્વર પુણ્યતિથિ,

### તા. ૧૯ બુધવાર
કારતક વદ ચૌદશ, શ્રીરંગ અવધૂત મહારાજ પુણ્યતિથિ નારેશ્વર, અમાસ 9-45થી, દર્શ અમાસ

### તા. ૨૦ ગુરુવાર
કારતક વદ અમાસ 12-18 સુધી અન્વાધાન

### તા. ૨૧ શુક્રવાર
માગશર સુદ એકમ, ચંદ્રદર્શન, માર્તંડભૈરવ ષડરાતોત્સવ આરંભ, દેવ દીપાવલી દ. ભારત

### તા. ૨૨ શનિવાર
માગશર સુદ બીજ સૂર્યનો ધન રાશિમાં પ્રવેશ

### તા. ૧૬ રવિવાર
માગશર સુદ ત્રીજ, સાંઇબાબાની જયંતી તારીખ અનુસાર

